بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. 16-09-2016 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

પ્રત્યેક મનુષ્ય જે દુનિયામાં આવે છે એક દિવસ તેણે પાછું ફરવાનું છે કોઇ પણ વસ્તુંને હંમેશા રહેવાનું નથી. અમુક લોકો બાળપણમાં જ અલ્લાહ તઆલા પાસે જતા રહે છે અને અમુક મોટી ઉમરમાં અને અમુક લોકો પોતાની ઉમરમાં અંતિમ હદ સુધી પહોચે છે. અમુક વજુદ એવા હોય છે કે જેમને આ દુનિયાથી જવા પર અફસોસ કરનારનો દાયરો મોટો હોય છે અને જો એવી પસંદીદા સખ્સીયત નવજુવાનીમાં અને અચાનક જતી રહે તો દુ:ખ અને અફસોસ ખુબ વધી જાય છે પરંતુ અલ્લાહ તઆલાએ આપણને પ્રત્યેક તકલીફ, મુશ્કેલી, અફસોસ અને સદમાની હાલતમાં અલ્લાહ તઆલાના નિર્ણય પર રાજી રહેતા ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઉન ની દુઆ સીખવાડી છે કે આપણે અલ્લાહના જ છીએ અને તેની તરફ જ પાછા ફરવાના છીએ અને જ્યારે કોઇ મૃત્યુ પામનારના સગા સંબંધીઓ ધૈર્ય રાખે અને આ દુઆ પઢે તો અલ્લાહ તઆલા જ્યાં મૃત્યુ પામનારનો દરજ્જો બુલંદ કરે છે ત્યાં પાછળ રહેનારને તસલ્લીના સાધનો પણ પૈદા કરે છે. ગત દિવસોમાં આપણા એક ખુબ જ પ્રિય જામિઆ અહેમદિયાના વિદ્યાર્થી ની એક ઘટનાના પરિણામે વીસ વર્ષની ઉમરે મૃત્યુ થયુ ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઉન. એક મિત્રએ મને જણાવ્યું કે તેમના એક દોસ્ત પોતાની પત્ની સાથે જાણ થવાના બે ક્લાકમાં જ સ્વર્ગીયના માતા પિતાની પાસે અફસોસ માટે ગયા તો કહે છે કે મારી પત્ની ખુબ જ હેરાન થઇ જ્યારે સ્વર્ગીયની માતા એ કહ્યું કે તે મારો ખુબ જ પ્રિય છોકરો હતો પણ તેને બોલાવનાર તેનાથી પણ પ્રિય છે. આ છે તે મોમિનાના શાનનો જવાબ જે આપણને હઝરત મસિહ મૌઉદ અ.સ.ને માનનારમાં જોવા મળે છે. કોઇ પણ જાતના ધમ પછાળા ન હતા હાં અફસોસ હોય છે. ઇન્સાન રડે પણ છે અને સદમાની હાલત પણ હોય છે અને માતાથી અધિક કોને જવાન પુત્રની તકલીફનો અહેસાસ હોય શકે છે તેનાથી અધિક કોને તકલીફ થઇ શકે છે અથવા પિતાથી અધિક કોને જવાન પુત્રના મૃત્યુ નો અહેસાસ હોય શકે છે. પિતા વિશે મને જણાવ્યું કે ઘટનાની ખબર મળતા જ અત્યંત સદમામાં હતા પરંતુ જ્યારે મૃત્યુની ખબર મળી તો ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઉન પઢીને શાંત થઇ ગયા.

આમ, આ જ વાસ્તવિક મોમિનાના શાન છે. જવાન બાળકની મૃત્યુ એટલી જલ્દી ભુલી તો નથી શકતા પરંતુ એક મોમિન પોતાનો દુ:ખ અલ્લાહ તઆલા સામે હાજર થઇને બયાન કરે છે અને રડે પણ છે અને દિલને તસલ્લી અને સ્વર્ગીયના દરજાત બુલંદીની દુઆ પણ કરે છે. હું જર્મનીની યાત્રા પર હતો વાપસીની મુસાફરી તે દિવસે શરૂ થઇ મુસાફરી શરૂ થયા પહેલાં જ મને ખબર મળી કે ઘટના થઇ છે અને પણ રસ્તામાં અવસાન થવાની ખબર મળી. તે પ્રિય છોકરાનો ચહેરો વારંવાર મારી સામે આવતો રહ્યો દુઆ કરવાની તૌફીક પણ મળતી રહી. ખુબ જ પ્રિય બાળક હતો. જામિઆ યુ.કે.ના બાળકો નિયમ અનુસાર કેમ કે મને મળતા રહે છે માટે તેમની સાથે એક વ્યકિત ગત સંબંધ અને ઓળખાણ પણ છે. મુલાકાત દરમ્યાન જો મારી પાસે સમય હોય તો સવાલ જવાબ પણ કરી લે છે. આ બાળકની છેલ્લી મુલાકાત જ્યારે મારી સાથે થઇ તો તેના મગજમાં કેટલાક સવાલ હતા તેના જવાબમાં ખુબ સમય લાગ્યો વિગતવાર મેં તેને જણાવ્યું. મને તો તેના પિતાના જણાવવાથી યાદ આવ્યું કે આ મુલાકાત બાદ તે ખુબ ખુશ હતો કે આજે લગભગ પંદર સોળ મિનીટની મુલાકાતમાં મને મારા સવાલનો વિગતવાર જવાબ મળ્યો. હંમેશા તેની આંખોમાં ખિલાફત માટે એક ખાસ પ્રેમ અને ચમક હતી. તેઓ જ્યારે જામિઆમાં દાખલ થયો તો મારો ખ્યાલ હતો કે શાયદ ખેલ કૂદમાં વધારે દિલ ચસ્પી હોય પરંતુ તે બાળકે મારો અંદાજો ખોટો સાબિત કરી દીધો. ભણતરમાં પણ હોશિયાર નિકળ્યો બેશક ખેલ કૂદમાં દિલ ચસ્પી હતી પણ એખલાસ અને વફામાં પણ ઉચ્ચ હતો. એક જોશ હતો કે ખિલાફત અને દીનની સુરક્ષા માટે

એક તલવાર બની જઉ અને જેવું કે અમુક હાલતો તેના દોસ્તોએ લખી છે તેણે આ કરી બતાવ્યું. અસંખ્ય લખનારાઓએ તેના દોસ્તોએ, તેની સાથે ભણતા જામિઆના વિદ્યાર્થીઓએ, ભાઈ બહેનોએ તથા તેના માતા પિતાએ મને તેની ખુબીઓનું વર્ણન કર્યુ. એક વાત તો લગભગ બધાએ લખી કે આજઝી,ખુશ ખુલ્કી, દીનની ગૈરત, ખિલાફતથી સંબંધ તથા પ્રેમ, મહેમાન નવાઝી આ તેના ખાસ સિધ્ધાંતો હતા. આવા લોકો આંહઝરત સ.અ.વ.ના આદેશ અનુસાર તે લોકોમાં સામેલ થાય છે જેમના પર જન્નત વાજીબ થઇ જાય છે જેની દરેક પ્રશંસા કરે છે અને આ બાળક તો દીનની સેવાનો એક ખાસ જઝબો રાખતો હતો અને શાયદ ખેલ અને હાઇકીંગ વગેરેમાં પણ ભાગ એટલા માટે લેતો હતો કે સ્વસ્થ શરીર દીનની સેવા માટે જરૂરી છે તેના કવાઇફ લખનારે તે પ્રિય બાળક વિશે જે વ્યકત કર્યુ છે પ્રત્યેક ઇઝહાર એવો છે કે તેની ખુબીઓને જાહેર કરે છે.

પ્રિય રઝા સલીમ જે આપણા દફતર પ્રાઇવેટ સેક્રેટરીના કર્મચારી સલીમ ઝફર સાહેબના પુત્ર હતા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ ઇટલીમાં હાઇકીંગ દરમ્યાન એક ઘટનામાં મૃત્યુ પામ્યા છે ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઉન. તેઆનો ૨૭ સપ્ટેમ્બર ૧૯૯૩માં ગુલફર્ડ યુ.કે.માં જન્મ થયો હતો વકફે નૌની તહેરીકમાં સામેલ હતા.તેમના ખાનદાનમાં અહેમદિયત તેમના પડદાદા મહોતરમ અલાદીન સાહેબ દ્વારા આવી જેઓ કાદિયાન નજીક એક ગામના હતા તેમણે હઝરત ખલીફતુલ મસિહ દ્વિતીયના હાથમાં બૈઅત કરી હતી. સ્વર્ગીય એ ૨૦૧૨માં જામિઆ અહેમદિયા યુ.કે.માં પ્રવેશ મેળવ્યો તેઓ પોતાના ખાનદાનના પ્રથમ મુરબ્બી બનવા જઇ રહ્યા હતા અને ત્રીજી શ્રેણી પાસ ગયા હતા અને ચોથી શ્રેણીમાં જવાના હતા તેઓ મુસી હતા વસિયતનો ફૉર્મ તેમણે ભરી દીધો હતો અને કાર્યવાહી ચાલુ હતી મેં કાયેવાહીમાં લખ્યું કે તેમની વસિયત મંજુર છે. તેઓના માતા પિતા સહિત બે બહેનો અને બે ભાઈઓ છે.

સલીમ ઝફર સાહેબ લખે છે કે મારો ખુબ જ પ્રિય છોકરો હતો અનેક ખુબીઓ તેનામાં હતી. હંમેશા સત્ય બોલતો હતો અને જો કોઇ ભૂલ થઇ હોય તો તેને છુપાવતો ન હતો જો ઠપકો મળતો તો પણ ખાઇ લેતો. પોતાની ભુલ સ્વીકારવી, સત્ય ઉપર કાયમ રહેવું તેના સ્વભાવમાં હતું. બાળકો ખુબ જ પ્રેમ કરનાર હતો પોતાની બહેનની સંતાનથી ખુબ પ્રેમ કરતો હતો જો બહેન પોતાના બાળકોને લડતી તો તે એટલો સ્વરૂપવાન હતો કે સ્વયં રડી પડતો અને કહેતો કે બાળકોની સુધારણા મારવાથી નથી થઈ જતી. બીજા લોકોને વસ્તું આપીને ખુશ થતો જો તેને ખાવાની કોઇ વસ્તું આપતા કે લે હોસ્ટેલમાં જઇ રહ્યા છો લેતા જાવ તો જો તે વેફર હોય તો લઇ જતો કે મારા રૂમના લોકો ને પુરી થશે નહિતર છોડી દેતો કે હું છુપી છુપીને નથી ખાઇ શકતો. તેના મિત્રોના કપડા પણ અમુક વાર ઘરે લાવતો અને કહેતો કે મારા દોસ્તના કપડા છે ધોઈને ઇસ્ત્રી કરી આપજો. ભાઇ બહેનોમાં પણ ખુબ પ્રેમ હતો પૂર્ણ જવાબદારીથી દરેક કામ કરતો સેવા કરતો. ઘાસિયત પણ તેની અલ્લાહ તઆલાના ફઝલથી મંજુર થઇ ગઇ છે.

હઝરત મસિહ મૌઉદ અ.સ.અને ખિલાફતથી બેહદ પ્રેમ હતો અને તેના વિરૂધ્ધ કોઇ વાત ન સાંભળતો હતો ખુબ ધૈર્ય વાળો હતો કદાપી માંગતો ન હતો માટે અમે તેની જરૂરીયાતનો સ્વયં ખ્યાલ રાખવો પડતો હતો. શિક્ષણ દરમ્યાન હંમેશા તે છોકરાઓની જે યુ.કે.થી બહારના હતા અંગ્રેજીમાં બહુ જ મદદ કરતો હતો ગુસ્સા જેવી કોઇ વસ્તું તેનામાં હતી જ નહી હંમેશા હંસતો જ જોયો. પ્રત્યેકે આ જ લખ્યું કે નમાઝનો પાબંદ હતો.

તેના પિતાજી લખે છે માન્ચેસ્ટર વકફે આરઝી પર ગયો હતો જે દિવસે પાછુ આવવાનું હતું ત્યાંથી કોઇએ એક લીફાફો તેના ખીસ્સામાં નાખ્યો તેણે તેને ખોલીને જોયું તો તેમાં પૈસા હતા. રઝાએ તેને આભાર માનીને પાછુ આપ્યું અને કહ્યું કે અમોને આ લેવાની મનાઈ છે. તે વ્યકિતએ થોડા દિવસ પછી મને પત્ર લખ્યો કે એક નાનો છોકરો જે મુરબ્બી બની રહ્યો છે તે અહી આવ્યો હતો અને અમને ચકિત કરી ગયો જો એવા છોકરાઓ મુરબ્બી બનશે તો ખરેખર જમાઅતમાં રૂહાની બદલાવ આવશે.

તેમની માતાજી લખે છે કે મારો પુત્ર તેના માતા પિતા અને જમાઅતની આજ્ઞાપાલક હતો. તેના પ્રેમનો અંદાજ ખુબ નિરાલો હતો ખ્યાલ રાખનાર વાત માનનાર સ્વભાવિક રીતે વાત કરતો નાના મોટો સાથે પ્રેમથી પેશ આવતો મારા ઘરના કામમાં મદદ કરતો થોડી થોડી ક્ષણો બાદ પુછતો કે તમે થાકી ગયા છો મદદ કરૂં કયારેય મને પરેશાન ન જોઇ શકતો અને કહેતો કે આપની આંખોમાં આંસુ જોવા ન મળે. જામિઆથી આવતા જ બધા લોકોનું પુછી જોતો જ્યારે નાનો હતો તે સમયે હઝરત ખલીફતુલ મસિહ રાબેઅ ઇસ્લામાબાદ જતા હતા તો શાળાથી આવતા જ ભાગી જતો કે હું હુઝુરને મળવા જઇ રહ્યો છું અને સાથે ફરવું પણ છે. ડૉ.નુસરત જહાં સાહેબા રબ્વાહની જે છે આજ કાલ અહીયા ખુબ બીમાર છે, અલ્લાહ તઆલા તેમને સેહત આપે તેમનો તેમના ઘર સાથે સારૂ સંબંધ હતું. તે કહેતો હતો કે હું તેમના માટે ખુબ દુઆ કરૂ છું. અલ્લાહ તઆલા તેની દુઆઓ તેમના માટે કબુલ કરે. તેઓ લખે છે કે મેં જમ્માની રાતે એક સ્વપ્નું જોયું કે મારા ઘરે મોટા લોકો આવી રહ્યા છે અને મોટી છબીઓ બની રહી છે હું ડરીને ઉઠી અને મારા પતિને કહ્યું કે મને સ્વપ્નું આવ્યું છે અને ડરી ગઇ છું મને લાગે છે કે આ સ્વપ્નાનો મતલબ સારો નથી સવાર થતા જ સદકો આપી દો. તેમણે કહ્યું કે દફતર જઇશ ત્યારે સદકો આપી દઇશ પરંતુ તે પહેલાં જ આ અફસોસનાક ખબર આવી ગઇ. તેઓ કહે છે કે જ્યારે કોઇ વસ્ત્ર હું તેને લાવીને આપતી તો પહેરી લેતો અને ખુબ તારીફ કરતો. મહેમાન નવાઝીમાં ખુબ આગળ હતો જો કોઇ એક વાર તેની દાવત કરતો તો પછી ભુલતો ન હતો અને જ્યારે તે કયાંક મળતા અથવા ઇસ્લામાબાદ આવતા તો તરત જ ઘરે આવીને કહેતો કે ફલાંણા ફલાંણા લોકો આવ્યા છે તેમના માટે ભોજન તૈયાર કરો અને તેમને બોલાવો. જમાઅતની વ્યવસ્થા સાથે પ્રત્યેક હુકમ પર અમલ કરવાની કોશિશ કરતો એક વાર મને કહેવા લાગ્યો કે અમ્મી મારો દિલ કહે છે કે હું એટલો સારો મુબલ્લીગ બનું કે જમાઅતની ખુબ તબલીગ કરૂ અને એટલા અહેમદી બનાવું કે તને મારા પર ગૌરવ થાય.

તેમની બહેન રાફીયા સાહેબા કહે છે કે ખુબ જ પ્રિય ભાઈ હતો નાનો હતો પણ તેના વિચાર ખુબ ઊચા હતા. નાનો થઇને પણ બધાનો ખ્યાલ રાખતો અને દરેક ઉમરના લોકો સાથે તેમના પ્રમાણે વાત કરતો અને આજ સુધી તેણે કોઇનો દિલ નથી દુખાવ્યું પ્રત્યેક વાતને ખુબ આરામથી સાંભળતો અને ખુબ સ્ભાવિક રીતે જવાબ આપતો. તેના ભાઇ અસદ સલીમ કહે છે કે ખુબ સાદા મિજાઝનો હતો સાફ અને સીધી વાત કરતો અમો એ થોડા દિવસ પહેલા જ તેના માટે નવી ગાડી લીધી હતી કહે છે કે સૌથી પહેલાં તેણે ગાડી વિશે પુછયું તે તેની કિમત હતી અને કહ્યું કે મુરબ્બી હોવાના નાતે મારે સાદુ જીવન ગુજારવું જોઇએ કિમતી વસ્તુ લેવી ન જોઇએ. તેમની બહેન ઉમ્મતુલ હફીઝ સાહેબા લખે છે કે એક ખુબી તેનામાં એ હતી કે કોઇ પણ વ્યકિતની બૂરાઇ સાંભળવાનું પસંદ ન કરતો હતો અને તેનામાં આ યોગ્યતા હતી કે લોકોની મન્ફી ખયાલાતને સારા રૂપમાં બદલી નાખતો હતો તેનું કહેવું કે આપણે લોકોની સારી વાતે પર નઝર હોવી જોઇએ તેમની બૂરાઇઓની વિશે વાતો કરવા કરતાં તેમના માટે દુઆ કરવી જોઇએ. સ્વભાવની સાદગીની એક દાખલો એ છે કે તેમની માતા તેને ઈદમાં નવા કપડા આપતી તો તે કપડા પહેરીને ખુબ ફીકરમંદ રહેતો કે કદાચ આ કપડામાં અધિક તકલ્લુફ અને દેખાવ ન થઇ જાય માટે તે આના પર પોતાની કોઇ જુની વસ્તું જેકેટ વગેરે પહેરી લેતો.

કુદ્દુસ સાહેબ શિક્ષક જામિઆ અહેમદિયા કહે છે કે ખુબ જ યોગ્ય વિદ્યાર્થી હતો વર્ગમાં સૌથી આગળ બેસતો અને હંમેશા હંસીને વાત કરતો કદાપી તેણે ગુસ્સો જાહેર નથી કર્યો બલ્કે બીજાની મદદ કરવાની હંમેશા કોશિશ કરતો. ક્રિકેટનો પણ સોખ હતો પરંતુ જો સ્કોર વગેરે પુછવુ હોય તો હંમેશા શિક્ષકને પુછતો. ઝહીર ખાન સાહેબ શિક્ષક જામિઆ અહેમદિયા તે પણ લખે છે કે ગત બે વર્ષોથી સ્વર્ગીય રઝાની કલાસ ભણાવવાનો અવસર મળ્યો છે. મેં તેનામાં એક ખુબી એ જોઇ કે જે કામ તેને સોપવામાં આવે તેને તે ખુબ લગન અને મહેનત અને જીમ્મેદારીથી કરતો. અમુક વાર મેં જોયું કે કામ પર નિયુકત બીજા છોકરાઓ જો આમ તેમ ચાલ્યા જાય તો પણ એકલો તે કામ કરતો રહેતો હતો. રઝા સલીમની એક પ્યારી આદત એ હતી કે કોઇ બિન જરૂરી સવાલ ન કરતો હતો અને જ્યારે કોઇ સવાલ કરતો તો તે

પશ્ચિમી દેશોમાં ઇસ્લામ અને અહેમદિયત વિશે થનાર આરોપો પર કરતો અને અમુક વાર જણાવતો કે તેની કોઇ બિન અહેમદી દોસ્તથી વાત થઇ છે અને તેણે સવાલ કર્યો હતો. અલ્લાહ તઆલાએ તેના દિલમાં ઇસ્લામ અને અહેમદિયતની રક્ષા અને તેના પર થનાર આરોપોના જવાબ આપવાની એક જ્યોત જલાવી રાખી હતી. તેવી જ રીતે ત્યાંના શિક્ષક મશહૂર અહેમદ સાહેબ લખે છે કે ગત વર્ષ મુકાબલો બૈત બાઝીમાં ભાગ લેવા માટે તેમણે લગભગ પાંચ સો થી અધિક અશઆર યાર કર્યા હતા અને આ ખુબી ખુબ નૂમાયા હતી કે અશઆરને યાદ કરવા પહેલાં તે તેના વિષયને સમજતો હતો. કહે છે કે રઝા સલીમને તબલીગનો બહુ જ સોખ હતો. ગત વર્ષ તેને વકફે આરઝી માટે વલોર હેમ્પટનની જમાઅતમાં મોકલવામાં આવ્યો જ્યાં તેણે લિફ લેટસ સહિત સ્થાનિક જમાઅતના લોકો સાથે મળીને તબલીગી સ્ટોલ પણ લગાવ્યા અને તે દરમ્યાન તેમની મુલાકાત એક અંગ્રેજ સાથે થઇ જે એક ઇસાઇ હતો. તેણે જ્યારે તેમને હઝરત મસિહ મૌઉદ અ.સ.ની બયાન કરેલ તહેકીકની રોશનીમાં હઝરત મસિહ નાસરી અ.સ.ને સુળીથી નજાત મેળવવા અને કાશમીર તરફ હિઝરત કરવા બાબતે જણાવ્યું તો તે ચકિત રહી ગયો.તેવી જ રીતે મન્સૂર ઝીયા સાહેબ શિક્ષક જામિઆ લખે છે કે રઝા સલીમની રગોમાં ખિલાફતથી પ્રેમ અને તેના માટે ગૈરત ખુબ ભરી હતી કહે છે કે જ્યારે પણ મેં ખુત્બા જમ્મા વિશે વર્ણણ કર્યુ અને ખુત્બા બાબતે કોઇ નિરીક્ષણ લીધું તો તેને ઘણી બધી વાતો યાદ હોતી હતી ખુબ ધ્યાનથી ખુત્બો સાંભળનાર હતો.

આમ, અસંખ્ય વાતો લોકો એ મને લખીને મોકલી છે અલ્લાહ તઆલા મર્રહુમના દરજાત બુલંદ ફરમાવે અને પોતાના પ્યારાઓના કદમોમાં સ્થાન આપે તે બાળક જેવું કે મેં કહ્યું જામિઆ પાસ કરવા પહેલાં જ સારો મુરબ્બી અને મુબલ્લીગ હતો અને ખિલાફત માટે ખુબ ગૈરત રાખનાર હતો. અલ્લાહ તઆલા દુનિયાના જામિઆતના તમામ વિદ્યાર્થીઓને આ તોફીક આપે કે તેઓ પણ એખલાસ તથા વફામાં વૃધ્ધિ કરનાર બને અને કર્તવ્યોને અદા કરનાર થાય. સ્વર્ગીયના મિત્રો ફકત ખુબીઓ બયાન કરનાર જ ન હોય બલ્કે મિત્રતાનો હક તો એ છે કે તેને એ રીતે અદા કરે કે તેની ખુબીઓ અપનાવીને પોતાની તમામ યોગ્યતા દીનની સેવા માટે પ્રયાસ કરે અને મને પણ અને આગળ આવનાર ખલીફાઓને પણ હંમેશા સારા મદદગાર અને સુલ્તાને નસીર મળતા રહે. અલ્લાહ તઆલા તેના માતા પિતાને પણ અને ભાઇઓ તથા બહેનોને પણ દિલમાં સંતોષ અતા ફરમાવે અને જે ધૈર્ય અને અલ્લાહ તઆલાના નિર્ણય પર રાઝી રહેતા તે લોકોએ ઇઝહાર કર્યો છે તેના પર તેઓ હંમેશા કાયમ રહે અને અલ્લાહ તઆલાના ફઝલોને હાસેલ કરનાર થાય અને આગળ પ્રત્યેક મુશ્કેલીઓથી અલ્લાહ તઆલા તે તમામને બચાવે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે નમાઝ બાદ ઇન્શા અલ્લાહ નમાઝે જનાઝા થશે. જનાઝો હાજર છે હું બહાર જઇને નમાઝે જનાઝા પઢાવીશ તમામ લોકો અહીયા જ લાઇન બનાવી લે.

Khulasa Khutba Jumma Huzoor Anwar 16 September 2016

BOOK POST (Printed Matter)

To.............................................................................................

.............................................................................................

.............................................................................................

From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT.